# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૭ તા.૨૬-૧૨-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ‘‘ફીટ ઈન્ડીયા મુવમેન્ટ’’ કાર્યક્રમ અંતર્ગત તમામ શાળાઓમાં તા.૩૦-૧૨-૨૦૧૯ થી તા.૪-૧-૨૦૨૦ સુધી ૩૦ મીનીટ યોગ અભ્યાસ કરાવવા બાબત.

સંદર્ભ :- ૧. એસએસએ/પીએન્ડએમ/૩/૨૦૧૯/૪૪૭૨૮-૮૦૨ તા.૨૧-૧૨-૧૯

૨. એસએસએ/પીએન્ડએમ/૨૦૧૯/૪૫૨૨૧-૨૯૬ તા.૨૪-૧૨-૧૯

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, માન. વડાપ્રધાનશ્રી દ્વારા તા.૨૯-૮-૨૦૧૯ના રોજ ફીટ ઈન્ડીયા મુવમેન્ટ શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત રાજયની તમામ શાળાઓમાં તા.૧૬ થી ૨૧ ડીસેમ્બર દરમ્યાન ‘‘ફીટ ઈન્ડીયા વીક’’ની ઉજવણી કરવામાં આવેલ હતી. ‘‘ફીટ ઈન્ડીયા મુવમેન્ટ’’ના ભાગરૂપે પ્રાથમિક શાળાઓમાં શાળાકક્ષાએ તા.૨૮-૧૨-૧૯ને શનિવારના રોજ એકમ કસોટી પૂર્ણ થયા બાદ સવારે ૧૦-૦૦ થી ૧૧-૦૦ કલાક દરમ્યાન યોગ તેમજ વાચન અભિયાન આધારિત તાલીમ બાયસેગ સ્ટૂડીયોના સહયોગથી ટેલિકોન્ફરન્સના માધ્યમથી યોજવામાં આવશે. આ તાલીમ શાળાકક્ષાએ યોજવાની હોવાથી દરેક શિક્ષકોએ ફરજિયાત રીતે નિહાળવાની રહેશે. (કોઈ શાળા સંપૂર્ણ બંધ ન રહે તે રીતે) બપોરપાળીની શાળાઓના શિક્ષકોએ પણ આ સમય દરમ્યાન તાલીમ મેળવવાની રહેશે. અગાઉના દિવસે બાયસેગ પ્રસારણની ફ્રીકવન્સી ચેક કરી લેવાની રહેશે.

શાળાકક્ષાએ તા.૩૦-૧૨-૧૯ થી તા.૪-૧-૨૦ સુધી શાળાના શૈક્ષણિક કાર્યને બાધ ન આવે તે રીતે (શાળા સમય પહેલા અથવા પ્રાર્થના દરમ્યાન) દરરોજ ૩૦ મીનીટ શાળાના તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓને સૂચના અનુસાર યોગઅભ્યાસ કરાવવાનો રહેશે

નોંધ :- તમામ સી.આર.સી.કો.ઓર્ડિનેટરે કલસ્ટર સેન્ટર શાળામાં તાલીમ મેળવવા હાજર રહેવાનું રહેશે.

તા.૨૬-૧૨-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૭-A તા.૨૬-૧૨-૨૦૧૯

ફકત જ્ઞાનકુંજ શાળાઓ માટે :-

આથી તમામ મ્યુનિ. ઉચ્ચતર પ્રા.શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવાનુ કે નગર પ્રા.શિ.સમિતિ, અમદાવાદની જ્ઞાનકુંજ ફેઝ-૧ની ૩૭ શાળાઓના ૭૪ વર્ગખંડોમાં અને **ફેઝ-૨ની** (વર્ષ૨૦૧૯-૨૦)ની ૭૦ શાળાઓના ૨૨૨ એમ કુલ ૨૯૬ વર્ગખંડોમાં ઇન્સ્ટોલેશનની કામગીરી પૂર્ણ થયેલ છે. આ તમામ વર્ગખંડદીઠ એક લેપટોપમાં પ્રિ-લોડેડ ઇ-કન્ટેન્ટનો ઉપયોગ લર્નિંગ મેનેજમેન્ટ સીસ્ટમ થકી કરવાનો રહે છે. જે માટે શાળાના મુખ્ય શિક્ષકશ્રીનું AdminLogin તેમજ દરેક વર્ગખંડનું Login તૈયાર કરવામાં આવેલ છે. જે શાળાવાર ઝોનના યુ.આર.સી કો.ઓને ઈ-મેલ મારફત મોકલી આપવામાં આવેલ છે. જે આપની શાળા સુધી મોકલી આપવામાં આવેલ છે. આજ વિગત એજન્સી દ્વારા દરેક મુખ્ય શિક્ષકશ્રીઓને SMS થી મોકલી આપેલ છે.

જ્ઞાનકુંજ પ્રોજેકટ અંતર્ગત શાળાઓમાં તમામ વર્ગખંડ દીઠ એક લેપટોપ આપવામાં આવેલ છે તથા વર્ગમાં તમામ હાર્ડવેર આઈ.એલ.એફ.એસ કંપની દ્વારા આપવામાં આવેલ છે. જેમાં ઈ-કન્ટેન્ટ સોફ્ટવેર નાખવામાં આવેલ છે. જે માટે શાળાઓએ હાર્ડવેર અંગેની ફરિયાદ માટે શાળાકક્ષાએથી gyankunj.gujarat.gov.in પર User Name (School UDISE Code) અને Default Password: Gyankunj થી લોગ-ઇન કરી ફરીયાદ નોંધવાની રહશે તથા ઇ –કન્ટેન્ટ સોફ્ટવેર ઇન્સ્ટોલેશન માટે નીચેના એસ.એસ.એ કચેરીના એમ.આઇ.એસ વિભાગના બ્લોક એમ.આઇ.એસ તથા ઓપરેટરનો સંપર્ક કરવાનો રહેશે. આ ઉપરાંત જ્ઞાનકુંજ અંતર્ગત શાળાઓની અન્ય કોઈ પણ ફરિયાદ અંગે એસ.એસ.એ કચેરી ઉસ્માનપુરા ખાતે સંપર્ક કરવાનો રહશે

| ક્રમ | નામ | હોદ્દો | સંપર્ક નંબર |
|---|---|---|---|
| ૧ | દુધાગરા સોનલબેન | બ્લોક એમ.આઇ.એસ | ૮૯૮૦૦૧૪૨૬૮ |
| ૨ | રાઠોડ વિજયભાઇ | ઓફિસ આસિસ્ટન્ટ | ૯૭૧૨૯૬૩૭૦૧ |
| ૩ | સોની સ્વીટીબેન આર | કોમ્પુટર ઓપરેટર | ૯૪૨૮૨૬૭૩૧૯ |
| ૪ | યાદવ લતાબેન | ઝોન ઓપરેટર | ૯૭૧૨૯૬૫૮૦૨ |
| ૫ | રાઠોડ શ્રદ્ધાબેન | ઝોન ઓપરેટર | ૯૭૧૪૭૬૪૦૯૦ |
| ૬ | મહેતા રચનાબેન | ઝોન ઓપરેટર | ૯૪૦૮૮૭૨૪૯૭ |

વધુમાં, જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત ફેઝ-૧ની જેમ જ કમ્પલેન લોગ કરવા, વર્ગખંડ પ્રવૃત્તિનું ફોટો, વિડીયો, સક્સેસ સ્ટોરી અપલોડ કરવી, મહાનુભાવ દ્વારા થયેલ જ્ઞાનકુંજ વર્ગખંડની મુલાકાતનો પ્રતિભાવ આપવો વગેરે કામગીરી શાળાકક્ષાએથી gyankunj.gujarat.gov.in પર User Name (School UDISE Code) અને Default Password: Gyankunjથી લોગ-ઇન થઇ શકશે. જે માટે મુખ્ય શિક્ષકશ્રીએ પ્રથમવાર લોગ-ઇન થઇ પાસવર્ડ બદલી શાળામાં જેટલા જ્ઞાનકુંજ વર્ગખંડ હોય તેટલા નોડલ શિક્ષકશ્રીની વિગત નાંખી યુઝર-પાસવર્ડ બનાવવાના રહેશે.

તા.૨૬-૧૨-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી